એક તરફ શહેરમાં લોકો પાણી માટે વલખા મારે છે જ્યારે બીજી તરફ પાણીના ભારે વેડફાડથી સ્થાનિકોમાં રોષ

શહેરના બગીખાનામાં પાણીની લાઈનમાં ભંગાણ પડતા હજારો લીટર પાણીનો વેડફાટ

અધિકારીઓએ તાત્કાલિક પગલાં લઇ પાણીની નલિકા રીપેર કરવાનું કામ શરૂ કરાવ્યું

(પ્રતિનિધી) વડોદરા, તા.13

વડોદરા શહેરના વોર્ડ નંબર 13, બગીખાના વિસ્તારમાં તાજેતરમાં પાણીની મુખ્ય લાઈનમાં ભંગાણ સર્જાતા હજારો લિટર પીવાના પાણીનો ઉઘાડો વેડફાડ થયો છે. આ ઘટનાએ સ્થાનિક લોકોમાં ભારે રોષ ફેલાવ્યો છે અને પાણી સંસાધનોના અયોગ્ય ઉપયોગ અંગે ગંભીર ચિંતાઓ ઊભી કરી છે.

સ્થાનિક સામાજિક કાર્યકરોએ આ સમસ્યાને ધ્યાનમાં લઈને તાત્કાલિક પાલિકા અધિકારીઓને સ્થળ પર બોલાવ્યા હતા. અધિકારીઓએ પણ તાત્કાલિક પગલાં લીધા અને પાણીની નલિકા રીપેર કરવાનું કામ શરૂ કર્યું હતું. પાલિકાના તંત્ર દ્વારા આ લાઈનમાં થયેલા ભંગાણને જલ્દીથી ઠીક કરીને પાણીનો વેડફાડ અટકાવવા પ્રયાસો કરવામાં આવ્યા હતો. વડોદરા શહેરમાં અનેક વિસ્તારોમાં પીવાના પાણીની અછત અને ગંદા પાણીની સમસ્યાઓ સતત વધી રહી છે. ત્યારે બગીખાના વિસ્તારમાં પાણીની મુખ્ય લાઈનમાં ભંગાણ થવાથી હજારો લિટર શુદ્ધ પીવાનું પાણી બગડતું અને વેડફાતું જોવા મળ્યું છે. આથી સ્થાનિક લોકોમાં પાણી સંસાધનોની બેદરકારી અને પાલિકા તંત્રની કામગીરી અંગે ભારે નારાજગી જોવા મળી રહી હતી.

સ્થાનિક વાસીઓએ પાલિકા તંત્રને આ પ્રકારની ભૂલ ફરી ન થવા માટે સખત પગલાં લેવા અને પાણીની લાઈનોનું નિયમિત નિરીક્ષણ કરવાની માંગ કરી છે. તેઓએ પાણી બચાવવાના પ્રયાસો વધારવા અને પાણીની લાઈનોના જાળવણી માટે વધુ સંસાધનો ફાળવવાની માંગ કરી છે.

જલ્દી સમારકામ કરવો અત્યંત જરૂરી

પાણીના આ ભંગાણ અને વેડફાડને ટાળવા માટે પાલિકાએ વધુ સજાગ અને પ્રતિક્રિયાશીલ બનવાની જરૂર છે. પાણીના નષ્ટ થવાના આ પ્રકારના બનાવો શહેરના પાણી સંસાધનો પર દબાણ વધારતા હોય છે અને પાણીની અછત વધી શકે છે. તેથી પાણીની લાઈનોનું સમયાંતરે નિરીક્ષણ અને જલ્દી સમારકામ કરવો અત્યંત જરૂરી છે.

દબાણ શાખાની ટીમ ફરી એક વાર એક્શનમાં

ગોત્રી વિસ્તારમાં દબાણ શાખા ત્રાટકી ગેરકાયદે ઓટલા અને શેડ દૂર કરાયા

(પ્રતિનિધી) વડોદરા, તા.13

વડોદરા શહેરના ગોત્રી વિસ્તારમાં દબાણ શાખાની ટીમ, સ્થાનિક પોલીસ અને ઉચ્ચ અધિકારીઓની સંયુક્ત ટીમ દ્વારા ફરીવાર એક વિશાળ કામગીરી હાથ ધરાઈ હતી.

ગોત્રી પોલીસ સ્ટેશનની આસપાસના રોડ અને રસ્તા પર ગેરકાયદે બનાવેલા ઓટલા, શેડ અને અન્ય દબાણો દૂર કરવા માટે દબાણ શાખાએ કડક પગલાં લીધા છે. આ દબાણો સ્થાનિક લોકોને રોડ પર ચાલવામાં અને વાહન ચાલકોમાં ભારે મુશ્કેલી ઉભી કરી રહ્યા હતા. દબાણ દૂર કરવાની આ કામગીરીમાં દબાણ શાખાની ટીમ સાથે પાલિકાના બિલ્ડીંગ ઈન્સ્પેક્ટર ધ્રુવ ચૌહાણ, સ્થાનિક પોલીસ અને અન્ય ઉચ્ચ અધિકારીઓ પણ હાજર રહ્યા હતા. ટીમે સ્થળ પર જઈને તમામ ગેરકાયદે બંધારણોની ઓળખ કરી અને તાત્કાલિક દબાણ દૂર કરવાની કાર્યવાહી હાથ ધરી હતી. આ કામગીરી દરમિયાન અનેક ઓટલા અને શેડ તોડી નાંખવામાં આવ્યા, જેથી રસ્તા પરની અવરોધક સ્થિતિ દૂર થઈ અને માર્ગ પર ફરીથી સ્વચ્છતા અને વ્યવસ્થા સ્થાપિત થઈ. બિલ્ડીંગ ઈન્સ્પેક્ટર ધ્રુવ ચૌહાણે જણાવ્યું કે, "આ પ્રકારની કામગીરીઓ નિયમિત રીતે હાથ ધરવામાં આવશે જેથી ગેરકાયદે દબાણો દૂર થાય અને શહેરની રૂટિન કામગીરીમાં કોઈ અવરોધ ન આવે. અમે લોકોની સુરક્ષા અને માર્ગ વ્યવસ્થા માટે પ્રતિબદ્ધ છીએ." આ કામગીરીથી ગોત્રી વિસ્તારના રહેવાસીઓમાં રાહતની લાગણી જોવા મળી છે. સ્થાનિક લોકોનો કહેવું છે કે, "રસ્તા પર ગેરકાયદે દબાણો દૂર થવાથી વાહનચાલન અને પેદલ ચાલવામાં સહેલાઈ થઈ છે.

જૂની અદાવતે તલવાર મારવા આવેલા ઈસમો વિરૂધ્ધ ફરિયાદ

સોસાયટીના લોકો દોડી આવતા રિક્ષામાં હથિયાર સાથે આવેલા ઇસમો ભાગી ગયા

(પ્રતિનિધિ) વડોદરા તા. 13

શહેરના ગોરવા વિસ્તારમાં આવેલી ભારતનગર સોસાયટીમાં રહેતા એક વ્યક્તિને અગાઉ થયેલી જૂના ઝઘડાની અદાવતે મોબાઇલ ફોન પર બિભત્સ શબ્દો બોલી ઓટો રીક્ષામાં કુલ ત્રણ ઈસમો તલવાર તથા લાકડી લઈને ધસી આવીને મારવાની કોશિશ કરતા સોસાયટીના લોકો દોડી આવ્યા હતા.

ગોરવાની ભારત નગર સોસાયટીમાં હિરેનભાઈ નરેન્દ્રભાઈ સોની પોતાના પરિવાર સાથે રહે છે અને જ્યોતિ પ્રા.લી.કંપનીમા ફરજ બજાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. ગત તા. 11 મે ના રોજ હિરેનભાઈ પોતાના ભાઇ દિવ્યાંગ સોની તથા સોસાયટીમાં રહેતા મિત્ર ગણેશ જગદાળે પણ રાત્રે સાડા અગિયાર ના સુમારે સોસાયટીના નાકે બેઠા હતા તે દરમિયાન બે ચાર દિવસ પહેલાં સોસાયટીમાં રહેતા બિટ્ટુ ગીરી નામના છોકરા સાથે અગાઉ ઉતરાયણ સમયે થયેલા ઝઘડાની અદાવતે હિરેનભાઇ સાથે મોબાઈલ ફોન પર બિભત્સ શબ્દો બોલી "તું ક્યાં છે તું જ્યાં હોય ત્યાં મારે તને મારવો છે" તેમ જણાવી એક ઓટો રિક્ષામાં ત્રણેક જણાં આવ્યા હતા જેમાં બિટ્ટુ ગીરી ન હતો પરંતુ પંકજ ગીરી રિક્ષા ચલાવતો હતો અને બીજા બે અન્ય ઈસમો આવીને સાથે જ બીટ્ટુ ગીરી મોપેડ પર આવ્યો હતો અને રીક્ષામાંથી બિટ્ટુએ તલવાર કાઢીને બીજા એકે લાકડી કાઢી હિરેનભાઈ તથા ગણેશને મારવા જતાં બંને બચવા માટે ભાગ્યા ત્યારે બુમરાણ સાંભળી સોસાયટી ના લોકો દોડી આવતા તમામ ઈસમો ભાગી ગયા હતા. આ સમગ્ર મામલે ગોરવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ કાર્યવાહી હાથ ધરી છે.

કેરી, મેચિસ અને મેગા સેવિંગ્સ: તમારી ઉનાળાની ટોપલી ભરી દેવાની તક

(પ્રતિનિધિ) વડોદરા તા.13

ઉનાળો ધગી રહ્યો છે, તેમ-તેમ તમારી કાર્ટ- અને તમારી સેવિંગ્સને- સિઝનની બેસ્ટ ડિલાઈટ વડે પૂરબહારમાં ખીલવા દો. તમે સૌથી રસદાર, ફાર્મ-ફ્રેશ કેરીઓનો સ્ટોક કરી રહ્યા હોવ અથવા તમારા મનપસંદ નાસ્તા સાથે IPL મેચની પાર્ટીઓની તૈયારી કરી રહ્યા હોવ, એમેઝોન ફ્રેશ સીધી તમારા ઘરઆંગણે અલ્ટિમેટ સિઝનલ સેવિંગ્સ પહોંચાડે છે - અને તે પણ ઝડપી, વિશ્વસનીય અને સ્લોટેડ ડિલિવરીની સુલભતા સાથે, જેમાં ડિલિવરી 2 કલાક જેટલી ફાસ્ટ રહે છે. દર શુક્રવારથી રવિવાર સુધી સુપર વેલ્યુ ડેઝ, લાઇવ સાથે, ગ્રાહકો કરિયાણા પર મોટી સેવિંગ્સ સુનિશ્ચિત કરીને અદભુત ડીલ્સ અને વેલ્યુ ઑફર્સનો આનંદ માણી શકે છે. એમેઝોન ફ્રેશના ખાસ ક્યુરેટેડ મેંગો મેનિયા સ્ટોર સાથે સિઝનના સૌથી ગળ્યા આનંદને માણવામાં ગરકાવ થઈ જાવ અને 10+ કેરીની વેરાઈટી, ડેઝર્ટ, કેન્ડી, પીણાં અને વધુ પર બિગ સેવિંગ્સ કરો.

કામ પૂર્ણ કરવાની સમયમર્યાદાને મહિનો વીત્યો, છતાં પાલિકાની રોડ શાખાના અધિકારીઓ નિષ્ક્રિય

અટલાદરા વિસ્તારમાં શિવાલય ઈન્ફ્રાની ઉદાસીનતા અને પાલિકાની નિષ્ક્રિયતાથી સ્થાનિકો પરેશાન

પાલિકા અને ઇજારદારની મિલીભગતથી રહીશો પીસવવા મજબૂર

(પ્રતિનિધિ) વડોદરા તા. 13

વડોદરા મહાનગર પાલિકાના રોડ પ્રોજેક્ટ શાખા દ્વારા અટલાદરા વિસ્તારમાં શ્યામલ પાર્કથી નીલામ્બર ઓરિયન્સ થઈ શ્રીધર વિલા બંગલા સુધીના 18 મીટરના નવા રસ્તાના નિર્માણ માટે ઈજારદાર શિવાલય ઈન્ફ્રા પ્રોજેક્ટ પ્રો. પ્રા. લિ. ને 18 નવેમ્બર 2024ના રોજ વર્ક ઓર્ડર આપ્યો હતો. આ કામગીરી 150 દિવસમાં પૂર્ણ થવાની હતી અને છેલ્લી સમયમર્યાદા 17 એપ્રિલ 2025 હતી. પરંતુ આજે સમયમર્યાદા પૂર્ણ થયે એક માસ જેટલો સમય થવા આવ્યો છતાં આ રોડની કામગીરી શરૂ કરાઈ નથી. ઈજારદાર શિવાલય ઈન્ફ્રાને આ પ્રોજેક્ટની કામગીરી સોંપાઈ હતી પરંતુ હજુ સુધી પ્રોજેક્ટમાં માત્ર કામના નામે વરસાદી ગટરનું જ કામ કરાયું છે જે પણ હજુ અધૂરું છે. તેવામાં નાના ઈજારદારોને કામ સમય મર્યાદામાં પૂર્ણ ન થાય તો પાલિકા દ્વારા નોટિસો આપવામાં આવતી હોય છે અને કેટલાક પર તો કાર્યવાહી પણ કરવામાં આવતી હોય છે. પરંતુ શિવાલય ઈન્ફ્રા પાલિકાના ઘણા મોટા મોટા પ્રોજેક્ટ કરતા હોવાથી ક્યાંક પાલિક દ્વારા તેમના માટે ખાસ વ્યવસ્થા તો નથી કરાઈને તેને લઈને હવે ચર્ચાઓ શરૂ થઈ છે. ઉલ્લેખનીય છે કે, ચોમાસાની ઋતુ શરૂ થવાને માત્ર એક મહિનો બાકી છે અને વરસાદ પૂર્વે રસ્તાનું કામ પૂર્ણ ન થતાં સ્થાનિક લોકોને આવનાર સમયમાં ભારે હાલાકીનો સામનો કરવો પડી શકે છે.

સ્થાનિકો દ્વારા પાલિકાને સોશિયલ મીડિયાના માધ્યમથી રજૂઆત પણ કરવામાં આવી છે છતાં હજુ સુધી સ્થળ

પર કોઈ અસર જોવા મળી નથી. રોડ શાખા મુજબ, સ્થળ પર દબાણ હતું તો દબાણ શા માટે દૂર કરાયું નથી તેના પર પણ સવાલો થઈ રહ્યા છે. કેમ કે ઈજારદારને વર્ક ઓર્ડર આપે 6 માસ જેટલો સમય વીત્યો પરંતુ કોઈ નક્કર કાર્યવાહી પાલિકા દ્વારા કરવામાં આવી નથી. પાલિકાના નિયમો કોને ક્યાં કેવી રીતે લાગુ પડે છે તેને લઈને હવે ગણગણાટ શરૂ થયો છે. જો સ્થળ પર દબાણ છે તો દબાણ દૂર કરી રોડની કામગીરી કેમ ન કરાઈ, અને જો દબાણ નથી તો ઈજારદાર કામ કેમ નથી કરી રહ્યો. શું ઈજારદાર પાલિકાના ખાસ છે કે પછી જ્યાં દબાણો છે તે પાલિકાના ખાસ છે તેને લઈને હવે વિવાદ સર્જાયો છે. સમગ્ર મામલે હજુ સુધી પાલિકા દ્વારા કોઈ કામગીરી કરાઈ નથી ત્યારે આગામી સમયમાં કામગીરી કરાય છે કે કેમ તે જોવાનું રહેશે. 150 દિવસની સમયમર્યાદા પૂર્ણ થઈ ગઈ હોવા છતાં પાલિકાના જાણે શિવાલય ઈન્ફ્રા પર ચાર હાથ હોય એમ હજી સુધી કોઈ કાર્યવાહી ન કરતા વિવાદ સર્જાયો છે. તાજેતરમાં યોજાયેલી સ્થાયીની બેઠકમાં એક ઈજારદારને રોડ અને ગટરના કામો મંજૂરી માટે આવ્યા હતા પરંતુ ઈજારદારની કામગીરી ધીમી હોવાનું કારણ આગળ ધરી તે કામ નામંજૂર કરાઈ દેવાયું હતું. ત્યારે પાલિકા શિવાલય ઈન્ફ્રા વિરુદ્ધ કેમ કાર્યવાહી નથી કરી રહી તેને લઈને હવે વિવાદ સર્જાયો છે.

મારી સૂચનાઓ છતાં કામ નહીં થયું, ફરી મુલાકાત લઈ તપાસ કરીશું : ચિરાગ બારોટ

સ્થાનિકો દ્વારા કામગીરી બાબતે અગાઉ મારા સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી જે બાદ મેં સ્થળ મુલાકાત કરી અધિકારીઓને સૂચના પણ આપી હતી પરંતુ અધિકારીઓએ કેમ કામગીરી કરાવી નથી તે જાણી અને હાલ સ્થળ સ્થિતિ શું છે તે ફરીથી મુલાકાત કરી જાણી, તપાસ કરવી ઝડપથી કામગીરી પૂર્ણ થાય તે દિશામાં કાર્યવાહી કરીશું

- ચિરાગ બારોટ, ડેપ્યુટી મેયર

પાલિકામાં મ્યુનિસિપલ કમિશનરની અધ્યક્ષતામાં રિવ્યુ મિટીંગ યોજાઈ

લોકોની ફરીયાદોના ઝડપી નિકાલ માટે કાર્ય પદ્ધતિ વિકસાવવા પર ભાર મૂકાયો

(પ્રતિનિધિ) વડોદરા તા. 13

વડોદરા મહાનગર પાલિકાની વડી કચેરી ખાતે આજે તા. ૧૩ મે ૨૦૨૫ના રોજ મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુની અધ્યક્ષતામાં મહત્વપૂર્ણ સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ચોમાસા પહેલાંની તૈયારીઓ, સફાઈ કામગીરી, નગર વિકાસ અને નાગરિક સુવિધાઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી. મ્યુનિસિપલ કમિશનરે દરેક ઝોનમાં મેનહોલ, કેચપિટ, નાળા અને ચેનલની સફાઈ સમયસર પૂર્ણ કરવા સુચના આપી હતી.

ભવિષ્યના આયોજન માટે મેરેથોન, સાયકલોથોન, ફુલ શો, સ્પોર્ટ્સ એક્ટિવિટી, ક્વિઝ સ્પર્ધા, હેપી ફન સ્ટ્રીટ અને બુક ફેર યોજવાની પણ

ચર્ચા થઈ. યુનેસ્કોમાં વડોદરાને હેરિટેજ સિટીનો દરજ્જો મળે તે માટે પ્રયાસો ઝડપી કરવા જણાવ્યું. શહેરમાં ધૂળમુક્ત રસ્તા બનાવવા, માર્ગના કિનારે વૃક્ષો વાવવા, ચાર ઝોનમાં શાકભાજી બજારનું આયોજન કરવા તેમજ હેલ્થ મ્યુઝિયમ બનાવવાની વાત પણ કરવામાં આવી હતી.

પીવાનું પાણી, સફાઈ, ડ્રેનેજ, શહેરના પાર્ક, STP-WTP અને કમાટીબાગમાં સીસીટીવી કેમેરા સુધારવા અને નવી જગ્યા પર નવા કેમેરા લગાવવાની સૂચના આપી. નગરગૃહો, સ્વિમિંગ પુલ અને આરોગ્ય કેન્દ્રોને વધુ યોગ્ય બનાવવાના મુદ્દાઓ પર ચર્ચા થઈ. નાગરિકોની ફરીયાદોનું યોગ્ય મોનીટરીંગ થાય અને ઝડપી નિકાલ થાય તે માટે કાર્ય પદ્ધતિ વિકસાવવા પર ભાર મૂકવામાં આવ્યો. તેમજ શહેરના દબાણો દૂર કરવા, પાણી અને નાળાની લાઈનના લીકેજ દૂર કરવા, સફાઈ કર્મીઓને સમયસર હાજર રહે અને નિયમિત સફાઈ થાય એ માટે જરૂરી પગલાં લેવાનું જણાવાયું. ગંદકી ફેલાવનાર સામે દંડની કાર્યવાહી કરવા પણ સૂચના આપી હતી.

ભારતીય સેનાના વીર સપૂતોનો અદમ્ય ,સાહસ

સૈન્ય સન્માન અભિવાદન માટે આજે તિરંગા યાત્રા

રેલીમાં જોડાઈ રાષ્ટ્ર શક્તિ જાગરણના અભિયાનને સફળ બનાવા અનુરોધ

(પ્રતિનિધિ) વડોદરા તા. 13

કાશ્મીરમાં પહલગામ ખાતે નિર્દોષ ભારતીય પર્યટકોની પાકિસ્તાની આતંકીઓ દ્વારા નિર્મમ હત્યા ની ઘટનાથી સમગ્ર ભારત વર્ષમાં ભયંકર રોષ ફાટી નીકળ્યો હતો. ત્યારે આતંકવાદનો ખાત્મો કરવા માટે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીજીની સરકારે "ઓપરેશન સિંદુર" નો સંકલ્પ કર્યો. ભારતની બહેન બેટીઓના સુહાગ ઉજાડનાર પાકિસ્તાનને સબક શીખવાડવા ભારતની ત્રણેય સેનાઓને ખુલ્લી છૂટ આપવામાં આવી હતી. પાકિસ્તાની સેનાને સબક શીખવાડી ભારતની બહેન બેટીઓના સિંદુર ઉજાડનાર પાકિસ્તાન સામે ભારતીય સેનાના વીર સપૂતોએ અદમ્ય, સાહસ અને સંયમ સાથે ૧૪૦ કરોડ દેશવાસીઓના મસ્તક ગર્વથી ઉંચા રાખનાર ભારતીય સેનાના સન્માન માટે વડોદરામાં તારીખ ૧૪/૦૫/૨૦૨૫ ને બુધવારના રોજ સાંજે ૫:૦૦ કલાકે "સૈન્ય સન્માન અભિવાદન" તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવેલ છે. રેલીની શરૂઆત આરાધના સિનેમાથી શરૂ થઈ સલાટવાડા-કોઠી ચાર રસ્તા રાવપુરા રોડ ટાવર થી જયુબેલીબાગ ખાતે પૂર્ણ થશે." સૈન્યના સન્માનમાં શહેરના તમામ નાગરિકોને અભિવાદન રેલીમાં જોડાઈ રાષ્ટ્ર શક્તિ જાગરણના અભિયાનને સફળ બનાવા અનુરોધ છે.

મહિલાને છુટો પથ્થર માથામાં મારતા ઇજાગ્રસ્ત હાલતમાં હોસ્પિટલ ખસેડાઇ

સીસીટીવી હટાવવા બાબતે ઈસમે યુવકને પથ્થરથી માર મારતા ફરિયાદ

દંપતીએ ગુનાઇત પ્રવુતિઓ બંધ કરાવવા બાપોદ પોલીસ સ્ટેશનમાં અગાઉ અરજી આપી હતી

માથાભારે ઇસમને અરજીની જાણ થતાં તેણે અદાવત રાખી મારમાર્યો

(પ્રતિનિધિ) વડોદરા તા. 13

શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલા વાઘોડિયારોડ સ્થિત નાની બાપોદ, સરદાર સ્કૂલની બાજુમાં કિન્નરીબેન દિપકભાઈ રાઠોડ પોતાના પરિવાર સાથે રહે છે.આ જ વિસ્તારમાં આજવા -વાઘોડિયા રીંગરોડ ખાતે આવેલા રિલાયન્સ ફેશન પાછળ રાજભવન રેસિડેન્સીમા પપ્પુ ધોબી નામનો ઈસમ ગુનાઇત પ્રવુતિઓ કરતો હોય તે બંધ કરાવવા એક મહિના અગાઉ કિન્નરીબેને બાપોદ પોલીસ સ્ટેશનમાં અરજી કરી હતી અને પોતાના વિસ્તારમાં આવેલા મારુતેશ્વર મહાદેવ મંદિરે સીસીટીવી કેમેરા લગાવ્યા હતા. આ અરજી આપ્યાની જાણ કોઈએ પપ્પુ ધોબીને કરી દેતાં તેણે અદાવત રાખી હતી અને ગત તા 11 મે ના રોજ રાત્રે સાડા નવેક વાગ્યે કિન્નરીબેન પોતાના પતિ સાથે મંદિરે દર્શન કરવા ગયા હતા તે દરમિયાન પપ્પુ ધોબીએ આવીને દિપકભાઇ જીવણભાઈ રાઠોડને "તમે અહીં કેમેરા કેમ લગાવ્યા છે કેમેરા હટાવી લે" તેમ કહેતા દીપકભાઈ એ"કેમેરા નહીં હટે" તેમ કહેતા પપ્પુ ધોબીએ અપશબ્દો બોલી ઝઘડો કરી દીપકભાઈને ગડદાપાટુનો માર માર્યો હતો અને કિન્નરીબેનને માથામાં છૂટ્ટો પત્થર મારી દીધો હતો સાથે જ દીપટભાઈને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ ઝઘડા દરમિયાન કિન્નરીબેને બુમરાણ મચાવતા આસપાસના લોકો દોડી આવ્યા હતા જેથી પપ્પુ ધોબી ત્યાંથી ભાગી ગયો હતો. કિન્નરીબેનને માથામાં ઈજા પહોંચી હોય તેમના પતિ મોપેડ પર એસ.એસ.જી.હોસ્પિટલ ખાતે સારવાર અર્થે લઈ ગયા હતા આ સમગ્ર મામલે કિન્નરીબેને સોમવારે બાપોદ પોલીસ સ્ટેશનમાં માથાભારે પપ્પુ ધોબી વિરુદ્ધ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ કાર્યવાહી હાથ ધરી છે.

આરોપીની અટકાયત કરી વડોદરા પોલીસ દ્વારા રાજકોટની મધ્યસ્થ જેલમાં મોકલી અપાયો

ડિજિટલ એરેસ્ટ-શેર માર્કેટમાં રોકાણ કરવાના નામે છેતરપિંડીના ગુનામાં આરોપીને પાસા

આરોપી વિરુદ્ધ અગાઉ અમદાવાદ ગ્રામ્ય સાયબર પોલીસ,સુરત ગ્રામ્ય સાયબર પોલીસ સ્ટેશનમાં પણ ગુના નોંધાયા હતા

(પ્રતિનિધિ) વડોદરા તા. 13

સી.બી.આઇ. તેમજ મુંબઇ પોલીસ સ્ટેશનના અધિકારી તરીકેની ઓળખ આપી સાગરિતો સાથે મળીને ફરિયાદીને મની લોન્ડરીગના કેસમાં સંડોવણી હોવાનો ડર બતાવી માતબર રકમ ટ્રાન્સફર કરાવી ડિજિટલ એરેસ્ટના કેસમાં તથા શેર માર્કેટમાં ઉંચા નફાની લાલચે એપ્લિકેશન

ડાઉનલોડ કરાવી છેતરપિંડી કરવાના આરોપમાં જામીન મુક્ત થયા બાદ પણ ગેરકાયદેસર મંડળી રચી લોકોને સીબીઆઈ અધિકારી ની ઓળખ આપી ડિજિટલ એરેસ્ટ થકી છેતરપિંડી કરતા આરોપીને પાસા હેઠળ અટકાયત કરી વડોદરા પોલીસ દ્વારા રાજકોટની મધ્યસ્થ જેલમાં મોકલી અપાયો છે

સાગરિતો સાથે મળીને કાવતરું રચીને મુંબઈ પોલીસ સ્ટેશન અને સી.બી.આઇ.માથી બોલતા હોવાનું જણાવીને મની લોન્ડરીગ કેસમાં સંડોવણી હોવાનો ડર બતાવી ધમકી આપી અલગ અલગ વ્હોટસએપ નંબર પરથી વિડીયો કોલ કરી ફરિયાદીને ઘરમાં ડિજિટલ એરેસ્ટ કરી બેંક ખાતાનું વેરિફિકેશન કરવાનું જણાવી રૂ.25.50લાખ જેટલી માતબર રકમ ટ્રાન્સફર કરી પડાવી લેવાના ગુનામાં તેમજ શેર માર્કેટમાં સારા નફાની લાલચ આપીને ઈન્વેસ્ટમેન્ટ કરવાનું જણાવી અલગ અલગ એપ્લિકેશન લીંક મોકલી ટૂકડે ટૂકડે માતબર રકમ પડાવી વિશ્વાસઘાત કરવાના ગુનામાં સંડોવાયેલો આરોપી જામીન પર છૂટ્યા બાદ પણ સાગરિતો સાથે મળીને કાવતરું ઘડી નાગરિકોને સી.બી.આઇ.ની ઓળખ આપી ડર બતાવી મની લોન્ડરીગ થકી ડીજીટલ એરેસ્ટ કરવાના ગુનામાં સંડોવાયેલા આરોપી આતીફ ઈત્યાકભાઈ અજમેરી રહે. શાહિન ફ્લેટની સામે, ગાયકવાડ હવેલી નજીક,રાજ હોસ્પિટલ પાસે, રાયખડ, અમદાવાદ નાઓની વડોદરા શહેર પોલીસ દ્વારા શહેર પોલીસ કમિશનર નરસિમ્હા કોમાર ની સૂચનાથી પાસા અટકાયત કરી રાજકોટની મધ્યસ્થ જેલમાં મોકલી આપવામાં આવ્યો છે. આરોપી વિરુદ્ધ અગાઉ અમદાવાદ ગ્રામ્ય સાયબર પોલીસ સ્ટેશનમાં તેમજ સુરત ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં પણ ગુનાઓ નોંધાયા હતા.

વોર્ડ 13 સ્થિત માળી મહોલ્લાના નાગરિકો શુદ્ધ પાણીથી વંચિત, તંદુરસ્ત જીવન મુશ્કેલ

પીવાનું પાણી શુદ્ધ, પૂરતા દબાણથી અને નિયમિત મળી રહે તેવી માંગ

(પ્રતિનિધિ) વડોદરા તા. 13

વડોદરા મહાનગર પાલિકાની વડી કચેરી પાસે આવેલા વહીવટી વોર્ડ નં. ૧૩, જયરત્ન બિલ્ડીંગ ચાર રસ્તા નજીક સ્થિત માળી મહોલ્લાના નાગરિકો તંદુરસ્ત જીવનથી વંચિત રહી રહ્યા છે. આ વિસ્તારમાં રહેતા ગરીબ અને મધ્યમ વર્ગના લોકો માટે પીવાનું પાણી જીવનની સૌથી મોટી સમસ્યા બની ગયું છે. નાગરિકોની ફરિયાદ મુજબ, તેઓને પાણી પૂરતા દબાણથી મળતું નથી અને જે થોડું ઘણું આવે છે તેમાં પણ ડ્રેનેજનું મલીન પાણી મિશ્રિત હોય છે. આવા અશુદ્ધ અને આરોગ્ય

માટે હાનિકારક પાણીના ઉપયોગથી તબીબી સંકટ ઊભું થવાનું જોખમ વધી રહ્યું છે. સ્થાનિકોએ અનેક વખત મહાનગરપાલિકાની વહીવટી કચેરી તથા પાણી પુરવઠા શાખામાં રજૂઆત કરી છે, છતાં પણ સત્તાધીશો દ્વારા કોઈ કાયમી ઉકેલ લાવવામાં આવતો નથી. લોકો જણાવે છે કે તેઓના દુખ સાંભળવાને બદલ તેમને ઉલટા ધક્કા ખવડાવવામાં આવે છે. આ સંજોગોમાં શહેરના મુખ્ય પ્રતિનિધિઓ અને કમિશનર સમક્ષ નાગરિકો દ્વારા માંગ કરવામાં આવી છે કે, તાત્કાલિક અસરથી પાણી પુરવઠાની સમસ્યાનું નિરાકરણ લાવવામાં આવે. ખાસ કરીને પીવાનું પાણી શુદ્ધ, પૂરતા દબાણથી અને નિયમિત સમયગાળા મુજબ મળી રહે તેવી વ્યવસ્થા કરવી જરૂરી છે.

સમગ્ર મામલે કોંગ્રેસના કાઉન્સિલરે માંગ કરી છે કે, આ બાબતની ગંભીરતાથી નોંધ લેવામાં આવે અને નાગરિકોની જે ફરિયાદ છે તેનું સત્વરે નિરાકરણ લાવવામાં આવે. ઉલ્લેખનીય છે કે, વડોદરા શહેરમાં ઉનાળાના આરંભે જ અનેક વિસ્તારોમાં પાણી પૂરતું ન મળતું હોવાની અનેક વાર ફરિયાદો ઉઠી ચૂકી છે ત્યારે આવનાર દિવસોમાં આ બાબતે યોગ્ય નિરાકરણ આવે છે કે કેમ તે જોવાનું રહેશે.